
ટેકનીકલ બુલેટીન ૦૨/૨૦૨૧

# વધુ ઓલીક એસિડ ધરાવતી મગફળીની જાત "ગિરનાર-૫"





ગિરનાર-૫ છોડ

- વધુ ઉત્પાદન ક્ષમતા ધરાવતી અર્ધ વેલડી જાત
- સરેરાશ ઓલીક એસિડ ની માત્રા ૭૮.૪%
- ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુમાં વ્યવસાયીક ખેતી માટે જાહેર કરવામાં આવી છે
- ૧૧૦-૧૧૫ દિવસમાં પરિપકવ થાય છે
- સરેરાશ દાણાની ટકાવારી ૬૭%
- સરેરાશ તેલની માત્રા ૫૩%
- સરેરાશ ૧૦૦ દાણાનું વજન ૪૧ ગ્રામ
- પાંદડાના ટપકાનો રોગ (ટીક્કા), ગેરુ, મગફળીના થડનો કોહવારો અને અગ્રકલિકાનો સુકારાના રોગ સામે મધ્યમ પ્રતિકારક શક્તિ ધરાવે છે
- લીલા તડતડીયા, પાનકોરીયુ, થ્રીપ્સ અને લશ્કરી ઈયળ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે



ગિરનાર-૫ ડોડવા



ગિરનાર-૫ દાણા

**ભા.કૃ.અનુ.પ.-મગફળી સંશોધન નિદેશાલય**
(An ISO 9001 : 2015 Certified Institute)
ઈવનગર રોડ, પો. બો. નં. ૫, જુનાગઢ - ૩૬૨ ૦૦૧,
ગુજરાત, ભારત.

Scanned with CamScanner

## વર્ણનનો હેતુ

ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુમાં ચોમાસુ ઋતુ માં વાવેતર માટે ૨૦૨૦ માં "ગિરનાર-૫" જાત કેન્દ્રીય ઉપ- સમિતિ દ્વારા પાક ધોરણો, સૂચનો અને જાતોની વિમોચન, કૃષિ અને સહકાર વિભાગ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવી છે.

## ઉદ્દભવ અને વિકાસ

"ગિરનાર-૫" જાત મગફળી સંશોધન નિદેશાલય, ભાકૃઅનુપ (ICAR) જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવી. "ગિરનાર-૫" વધુ ઓલીક એસિડ ધરાવતી વેલડી જાત "સનઓલિક ૯૫ આર" અને વધુ ઉત્પાદન, વધુ તેલ ના ટકા ધરાવતી સંવર્ધન જાત "આઈસીજીવી ૦૬૪૨૦"ના ક્રોસ માંથી બનાવવામાં આવી છે. ચોમાસુ ઋતુમાં સમાન છોડ અને ડોડવા ની લાક્ષણિકતાઓ વાળા ઉચ્ચ ઉપજ આપતા છોડને બલ્ક ઉત્પાદન કરીને તેને આગળ વધારવામાં આવ્યું હતું. તે ચોમાસું ઋતુમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવી છે.

## પ્રદર્શન

"ગિરનાર-૫" જાત ચેક "જીપીબીડી-૪" કરતાં ડોડવાના ઉત્પાદનમાં ૫૨.૭% અને "ટી.જી. ૩૭-એ" કરતાં ૩૭.૩% વધુ જોવા મળ્યું હતું, પરંતુ "આઈસીજીવી ૦૩૦૪૩"ની સરખામણીએ માત્ર ૫.૭% જ ટૂંકી પડી. ઉપરાંત બીજ (દાણા) ના ઉત્પાદનમાં ચેક "જીપીબીડી-૪" કરતાં ૫૪% અને "ટી.જી. ૩૭-એ" કરતાં ૩૩.૯% વધુ જોવા મળ્યો છે. બે વર્ષથી ચાલતા અખતરા છ સ્થળ જુનાગઢ (ગુજરાત), દુર્ગાપુર (રાજસ્થાન), ધારવાડ (કર્ણાટક), તિરૂપતિ (આંધ્ર પ્રદેશ), પાલેમ (તેલંગાના), તિંડીવનમ (તમિલનાડુ) પરના સંકલન અખતરા માં "આઈસીજીવી ૦૩૦૪૩""ની સરખામણી માં ૫.૩% જેટલો ઓછો હતો. "ગિરનાર-૫" ડોડવાના ઉત્પાદનમાં જ્યાં ૧૧માંથી ૪ વખત અને બીજ (દાણા) ના ઉત્પાદનમાં ૧૧માં થી ૬ વખત ટોચના ત્રણ ધોરણમાં આવેલ છે. આ જાત તેની બધીજ સરખામણીની જાત કરતાં વધુ તેલની માત્રા (૫૩%), વધુ ઓલીક એસિડ ની માત્રા (>૭૮%) અને વધુ ગુણોત્તરમાં પણ જોવા મળી છે.

"ગિરનાર-૫" પાંદડાના ટપકાનો રોગ (ટીક્કા), ગેરુ, મગફળીના થડનો કોહવારો અને અગ્રકલિકાનો સુકારા જેવા રોગ સામે મધ્યમ પ્રતિકારક જાત છે. "ગિરનાર-૫" લીલા તડતડીયા, પાનકોરીયુ, થ્રીપ્સ અને લશ્કરી ઈયળ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે.

## છોડના લક્ષણો

અર્ધવેલડી ઉભડી જાત "ગિરનાર-૫" અર્ધ ફેલાતી તથા ક્રમશઃ એક પછી એક ફૂલ આવવાના લક્ષણ અને બરછી આકારના લીલા રંગના પાંદડા ની લાક્ષણિકતા ધરાવે છે. ચોમાસુ ઋતુમાં જુદા જુદા સ્થળો અને વર્ષમાં પરિપક્વતાના દિવસો ૧૧૦ થી ૧૧૫ છે.

## ડોડવા અને દાણા ના લક્ષણો

"ગિરનાર-૫" બે દાણાવાળી (કોઈ વાર એક દાણાવાળું) મધ્ય મોટા ડોડવા સાથે સહેજ ચાંચ, છીછરૂ સંકોચન અને મધ્યમ જાળી ધરાવે છે. તેના સરેરાશ દાણાના ટકાનું પ્રમાણ ૬૭% છે. તેના બીજ (દાણા) ના ૧૦૦ દાણાનું વજન ૪૧ ગ્રામ છે, તે ગુલાબી રંગના છે. દાણાના તેલની માત્રા ૫૩% છે.

Scanned with CamScanner

## ''ગિરનાર-૫'' અને ચેક જાતોનું AICRPG ના વિવિધ અખતરાઓ માં ઉત્પાદન ક્ષમતાનું પ્રદર્શન, ચોમાસુ (ખરીફ) ૨૦૧૭ અને ૨૦૧૮

| અખતરા | વર્ષ | સ્થળની સંખ્યા | સરેરાશ ઉત્પાદન (કિલો/હેકટર) | ચેક જાતની સાપેક્ષમાં વધારો/ઘટાડો (%) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ટીજી ૩૭ એ (ZC) | જીપીબીડી ૪ (ZC) | આઇસીજીવી ૦૩૦૪૩ (ZC) |
| AVT-I | ૨૦૧૭ | ૦૬ | P ૩૩૫૫ | P ૫૪ | P ૫૩ | P -૪ |
| | | | K ૨૨૮૬ | K ૫૪ | K ૫૮ | K -૨ |
| AVT-II | ૨૦૧૮ | ૦૫ | P ૨૮૪૮ | P ૧૯ | P ૫૩ | P -૨ |
| | | | K ૧૯૫૧ | K ૧૩ | K ૪૮ | K -૧ |
| સરેરાશ | | | **P ૩૧૨૪** | **P ૩૭** | **P ૫૩** | **P -૬** |
| | | | **K ૨૧૩૩** | **K ૩૪** | **K ૫૪** | **K -૫** |
| AVT = અદ્યતન જાતોનો અખતરો | | | | | | |
| ZC = વિસ્તાર ચેક, P = ડોડવાનું વજન, K = દાણાનું વજન | | | | | | |

## ''ગિરનાર-૫'' અને ચેક જાતોનું AICRPG ના વિવિધ અખતરાઓ માં ઓલીક એસિડની માત્રા, ચોમાસુ (ખરીફ) ૨૦૧૭ અને ૨૦૧૮

| અખતરા | વર્ષ | સ્થળની સંખ્યા | સરેરાશ ઓલીક એસિડ ની માત્રા (%) | ચેક જાતની સાપેક્ષમાં વધારો/ઘટાડો (%) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ટીજી ૩૭ એ (ZC) | જીપીબીડી ૪ (ZC) | આઇસીજીવી ૦૩૦૪૩ (ZC) |
| AVT-I | ૨૦૧૭ | ૦૬ | ૭૭.૫૭ | ૫૧.૩૬ | ૪૬.૩૦ | ૬૪.૭૨ |
| AVT-II | ૨૦૧૮ | ૦૫ | ૭૯.૨૭ | ૪૩.૮૬ | ૪૫.૬૯ | ૪૧.૫૬ |
| સરેરાશ | | | ૭૮.૩૫ | ૪૭.૯૬ | ૪૬.૦૩ | ૫૪.૧૯ |
| AVT = અદ્યતન જાતોનો અખતરો | | | | | | |
| ZC = વિસ્તાર ચેક | | | | | | |

## ''ગિરનાર-૫'' અને ચેક જાતોનું AICRPG ના વિવિધ અખતરાઓ માં લીનોલીક એસિડ ની માત્રા, ચોમાસુ (ખરીફ) ૨૦૧૭ અને ૨૦૧૮

| અખતરા | વર્ષ | સ્થળની સંખ્યા | સરેરાશ લીનોલિક એસિડ ની માત્રા (%) | ચેક જાતની સાપેક્ષમાં વધારો/ઘટાડો (%) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ટીજી ૩૭ એ (ZC) | જીપીબીડી ૪ (ZC) | આઇસીજીવી ૦૩૦૪૩ (ZC) |
| AVT-I | ૨૦૧૭ | ૦૬ | ૬.૫૮ | ૨૭.૧૫ | ૩૦.૭૭ | ૧૫.૩૬ |
| AVT-II | ૨૦૧૮ | ૦૫ | ૩.૫૭ | ૩૪.૬૫ | ૩૨.૧૭ | ૩૬.૫૬ |
| સરેરાશ | | | ૪.૬૨ | ૩૦.૫૬ | ૩૧.૪૧ | ૨૫.૦૦ |
| AVT = અદ્યતન જાતોનો અખતરો | | | | | | |
| ZC = વિસ્તાર ચેક | | | | | | |

Scanned with CamScanner

## ''ગિરનાર-૫'' અને ચેક જાતોનું AICRPG ના વિવિધ અખતરાઓ માં ઓલીક એસિડ અને લીનોલિક એસિડના ગુણોત્તરની માત્રા, ચોમાસુ (ખરીફ) ૨૦૧૭ અને ૨૦૧૮

| અખતરા | વર્ષ | સ્થળની સંખ્યા | સરેરાશ ઓલીક એસિડ અને લીનોલિક એસિડ નો ગુણોત્તર | ચેક જાતની સાપેક્ષમાં વધારો/ઘટાડો (%) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ટીજી ૩૭ એ (ZC) | જીપીબીડી ૪ (ZC) | આઈસીજીવી ૦૩૦૪૩ (ZC) |
| AVT-I | ૨૦૧૭ | ૦૬ | ૧૧.૭૮ | ૧.૮૯ | ૧.૫૦ | ૪.૨૧ |
| AVT-II | ૨૦૧૮ | ૦૫ | ૨૨.૧૪ | ૧.૨૬ | ૧.૪૨ | ૧.૧૩ |
| સરેરાશ | | | ૧૬.૯૫ | ૧.૫૬ | ૧.૪૬ | ૨.૧૬ |

AVT = અધતન જાતોનો અખતરો

ZC = વિસ્તાર ચેક

## ''ગિરનાર-૫'' અને ચેક જાતોનું AICRPG ના વિવિધ અખતરાઓ માં મુખ્યરોગ સામે પ્રતિક્રિયા (અલીયારનગર, ધારવાડ, જલગાંવ, જૂનાગઢ, રાઇચુર, કાદરી, વિદ્યાચાલમ કેન્દ્રો)

| રોગ | ગિરનાર ૫ | ચેક જાતો | | |
|---|---|---|---|---|
| | | જીજી-૨૦ | જેએલ-૨૪ | જીપીબીડી-૪ |
| ગેરૂ (૧-૯ માપ) | ૦-૪ | ૦-૭ | ૦-3 | ૦-૨ |
| પાંદડાના ટપકાનો રોગ (ટીક્કા) (૧-૯ માપ) | ૧-૫ | ૧-૭ | ૭ | 3 |
| મગફળીના થડનો કોહવારો (%) | ૧-૧૩.૯ | ૦-૧૭.૮ | ૨૭.૫ | ૩૨.૨ |
| અગ્રકલિકાનો સુકારો (%) | ૪૮.૨ | ૦-૩૨.૫ | - | - |

## ''ગિરનાર-૫'' અને નિયંત્રણ જાતોનું મુખ્ય સંક્રમણ ધરાવતા સ્થળોએ જંતુ અને જીવાતોનો ઉપદ્રવ (ધારવાડ, લાતુર, રાઇચુર, વિદ્યાચાલમ કેન્દ્રો)

| રોગ | ગિરનાર ૫ | ચેક જાતો |
|---|---|---|
| | | જીજી -૨૦ |
| લીલા તડતડીયા (૧-૯ માપ) | ૧-૨ | ૧-૨ |
| થ્રીપ્સ (૧-૯ માપ) | ૧ | ૧-૨ |
| લશ્કરી ઇયળ (૧-૯ માપ) | ૧-૩ | ૧-૩ |
| પાન કોરીયું (૧-૯ માપ) | ૧-૩ | ૧-૩ |



''ગિરનાર-૫'' મગફળીના ખેતરનું ચિત્ર

ટેકનીકલ બુલેટીન-૨૦૨૧

સંકલન :
ડૉ. એસ. કે. બેરા, ડૉ. રાધાક્રિષ્નન ટી.,
ડૉ. પ્રવીણ કોના, ડૉ. એ. એલ. સિંગ,
ડૉ. કિરણ કે. મોરી,
કિરણકુમાર ડી. સોલંકી,
કિશન પી. ગજેરા

વધુ વિગત માહિતી માટે ડાયરેકટરશ્રીનો સંપર્ક કરો

**આઈ.સી.એ.આર. મગફળી સંશોધન નિદેશાલય**
પો.બો.નં. ૫, જુનાગઢ-૩૬૨ ००१.
ફોન : ०२८५-२६७३३८२
ફેક્સ : ०२८५-२६७२५५०
ઇ-મેઇલ : director.dgr@icar.gov.in

Scanned with CamScanner